# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૩૦ ● સળંગ અંક : ૧૩૪ ● તા.૦૨ જાન્યુઆરી ૨૦૨૧ થી ૦૮ જાન્યુઆરી ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મહારાજ સાહેબનો ૬૮મો જન્મ મહોત્સવ સંપન્ન


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**http://www.kdosm.org**
**Email :**
**gyatimaiya2018@gmail.com**



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# ગામડાંઓ પરિવર્તનની પગથારે

આજે પરિવર્તનનો દોર છે. ગામડા તૂટીને શહેર બની રહ્યાં છે અને શહેર મહાનગરમાં પરિવર્તિત થઈ રહ્યાં છે. ખરૂં કહીએતો હવે ગામડાં અગાઉના જમાના જેવા ગામડાં રહ્યાં નથી પણ આધુનિક માર્ડન ટેકનોલોજીનાં ઉપયોગ કરતા ગામડાંઓ થઈ રહ્યાં છે. ઘરોઘરમાં વીજળી, પાણીના નળ આવી ગયા છે. બસ વ્યવહાર આજુબાજુના શહેરો, તાલુકા, જિલ્લા મથકોને જોડે છે. ડામરની સડકો નિર્માણ થઈ છે. દરેક ઘરોમાં પહેલા બળદગાડા હતા, સાઈકલો રહેતી હવે ટૂ વ્હીલરને ફોર વ્હીલર ઘર આંગણે ઊભી રહે છે. અગાઉ ગામમાં પાંચ ધોરણ સુધીની પ્રાથમિક શાળાઓ હતી હવે દસમા ધોરણ સુધી કે બારમા ધોરણ સુધીની શાળાઓ ભણતર પ્રદાન કરે છે. આમ જમાના અનુસાર ગામડાઓની સિકલ બદલાઈ ગઈ છે.

આપમા વડીલો સંયુક્ત પરિવારમાં ઉછરેલા હતા. કુટુંબના માવતરોને વડીલોને દરેક સભ્યો આદરપૂર્વક સંભાળ લેતા, જતન કરતા અને તેમની સેવા ચાકરી કરતાં ગામમાં જ રસકસની દુકાન હોય, શાકભાજીની નાની હાટડી હોય કે અન્ય ચીજ વસ્તુ કે ફરસાણ-મીઠાઈની નાની દુકાન હોય તો ખેતીવાડીની જમીનમાં ઉપજ લઈ શાંતિ સુખથી ગુજારો કરતા. સંજોગો વશાત વધુ કમાણી માટે ગામ છોડવું પડે તો પોતે એકલા જતાં. પાછળ પરિવાર ગામડે રખાતા વાર, તહેવારે સારા નરસા ટાણે ગામનો ફેરો કરી જતાં દેશાવરમાં વસીને દેશને ભૂલ્યા ન હતા. મૂળિયા મૂળગામમાં જાળવીને વિકાસ કર્યો, પ્રગતિ કરી, ધમધોકાર કમાણી કરી પણ હવેની જનરેશન ભલે શહેર-મહાનગરમાં જન્મી, ઉછરી, કેળવણીને તાલીમ પામી શિક્ષિત થઈ છે. પણ પોતાના મૂળ ગામે સહેલાઈથી જતી નથી. જો જાય તો મજબૂરી વશ. આ એટિટ્યૂટ ઘણી જ્ઞાતિઓ હવે વધી રહ્યો છે. ગામડાનું શાંત જીવન, પાંખી વસ્તી, અપરિચિત માહોલ, વાહન વ્યવહારના ઓછા અપૂરતા સાધનો, હરવા ફરવાના કે મનોરંજન માટેના કોઈ સ્થળો ન હોવાના અભાવને લીધે આજના સુશિક્ષિત બાળકો વતને જવાનું કરતા નથી.

આપણી જ્ઞાતિની અઢળક વસ્તી હતી એ ગામોમાં નામ માત્રના ઘર પરિવાર રહે છે. ભવ્ય વિશાળ ઐતિહાસિક વીરાસત ધરાવતા જિનાલય હોય છે પણ રોજે રોજ ધર્મ, સેવાને ભક્તિ કરવા માટે અવરજવર થાય એની રાહ જોવાતી હોય છે. એટલું સારૂ છે કે સમયે સમયે ગામમાં ઉત્સવ, ઓચ્છવ અને તહેવારોની ઉજવણી ટાણે, દેશ-દેશાવરથી પરિવાર સાથે સૌ આવીને જોડાતા રહેતા હોવાથી તાત્પૂરતી વસતી લાગતી હોય છે. ત્યાર પછી ફરી સૂમસામ માહોલ થઈ જાય છે.

જ્ઞાતિ સમાજના બહુધા પરિવારો અનુકુળતા કરી ચાતુર્માસ, પર્યુષણને પહેડી, ધજા મહોત્સવમાં સહભાગી થવા વતનમાં જાય છે. કોઈક વરસમાં બે ચારવાર જાય છે. પરિવાર મોભીઓ સ્ત્રીવર્ગ પણ સાથે જઈ લાભ લે છે. પણ કુટુંબની યુવા પેઢી પણ જો અમૂક તેમની સાથે જાય તો વતનની સુગંધ પામી ધન્યતા અનુભવે. સ્થાનિકજનો સાથે ઘરોબો બંધાય. ગ્રામ્ય સંસ્કૃતિનો પરિચય થાય. યુવાનોના નવા નવા વિચારથી ગામમાં પણ કઈ પરિવર્તન થાય. સમય સંજોગો અનુકુળ કરી યુવાનો વરસમાં એક કે બે વાર આવી રીતે ગામડાંઓમાં જાય તો ગામવાસીઓ સાથે નાતો કેળવાય. ગામો તૂટતા આપણે ભલે રોકી ન શકીએ પણ, ગામમાં કંઈ નવું પરિવર્તન કરવા આપણા વિચાર જરૂર કામ આવે.

– જય જ્ઞાતિમૈયા

# વડીલજનોની રાખીએ સંભાળ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

પરિવારના વૃદ્ધ વડીલો આપણા સમાજમાં હવે એકલાં પડતા જાય છે. તેમના સંતાનોને પોતાના સંતાનો એટલે વડીલના પૌત્ર-પૌત્રીઓની ચિંતા તેના માબાપોને જંપવા દેતી નથી. એક તરફ પતિ પત્નીને નોકરીનો સ્ટ્રેસ, દોડધામ ભરી રૂટિન જાળવવાનો ટેન્શન અને ભણતાં સંતાનો તેના અભ્યાસ પર નજર રાખવાની મથામણ, આખો દિવસ માવતરની ગેરહાજરીમાં કોની સંગત કરે છે. શું કરે છે. કેવા સંસ્કાર પામે છે. એની સતત ચિંતામાં ઘરના વડીલો માતા-પિતાને રોજ તો શું અઠવાડિયામાં કેટલોક સમય આપી શકતા નથી. આ અસમતોલ અવસ્થા લગભગ પ્રત્યેકના ઘરોમાં થઈ ગઈ છે. આમ તો આ દરેક મહાનગરના પરિવારની છબી છે. જોકે હજી ઘણા પરિવાર એવા છે જ્યાં વૃદ્ધજનોની કાળજી તેના સંતાનો ખાસ લે છે. તેમની જતનપૂર્વક સેવા કરાય છે, હુંફ અપાય છે. પણ આવા પરિવારો સમય સાથે ઘટતાં જાય છે. સમાજમાં વૃદ્ધાશ્રમ વધી રહ્યાં છે. જેને રૂપાળાં નામ આપીને જાણે સમસ્યા પ્રત્યે ઢાંક પિછોડો કરાય છે. ઓલ્ડ એજ હોમ, સિનિયર સિટિઝન્સ હોમ, સેકન્ડ ઈનિંગ હોમ, વિશ્રામધામ, વાત્સલ્ય ધામ.

શ્રીમંત સંતાનો માતા-પિતા માટે અત્યાધુનિક સુવિધા ધરાવતી વ્યવસ્થા કરે છે જ્યારે મધ્યમવર્ગના તેમની હેસિયત પ્રમાણે. દરેક સંતાનો એ જલ્દી વિસરી જાય છે કે અમારા માતા-પિતાએ તેમને ક્યા સંજોગોમાં પાળેલાં, મોટા કર્યાંને પોતાનાથી અદકેરા ભણાવ્યા છે. પોતે કાળી મજુરી કરી સંતોનોનો નિભાવ કર્યો. હેસિયતથી વધુ ડિગ્રીઓ મળેએ માટે અધિક આર્થિક કષ્ટ વેઢી પગભર કર્યા આમાંથી કેટલાક સંતાનો પરદેશ ઠરી ઠામ થયા, કેટાલક માતા પિતાથી છૂટા પડી કારકીર્દિની લાયમાં અલગ શહેરોમાં વસી ગયા. આમ વૃદ્ધ માતા-પિતા પોતાની એકલતાને પંપાળી સંતાનો મળવા આવે એની પ્રતિક્ષા કરતા જીવ્યા રાખે છે.

બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થા એક રીતે જોઈએ તો બંન્ને સરખી છે. નાનો બાળક સમયના ક્રમશે એક એક અંગથી વિકસતો જાય છે અને પોતાની રીતે અન્યની માવજતમાંથી મુક્તિ મેળવે છે. જેનાથી ઉલટું વૃદ્ધાવસ્થામાં શરીરના ગાત્રો ગુમાવતો અન્યની પરવરિશ પામવાને મજબૂર બને છે. આમ બંન્ને સમાન અવસ્થા ગણાય, ઉંમરનો ફરક, સમજણનો ફરક પરંતુ સંવેદના બાબતે બંન્ને સમાન ધારા પર જીવતાં હોય છે. પાકટ પાન જેવી અવસ્થામાં પહોંચેલા આપણા વડીલોની સંવેદના સમજીએ. સંવેદનાને વેદના ન બનાવીએ એ જરૂરી છે તેમના પ્રત્યે કાળજીભાવ, આત્મીય લાગણી અને પ્રસન્નતા પૂર્વકનો વ્યવહાર રાખી તેમની સંભાળ રાખીએ એ જરૂરી છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો ૬૮મો જન્મ મહોત્સવ ડોંબિવલી સંઘમાં ભક્તિભાવપૂર્વક ઉજવાયો



તા.૩૧ ડિસેમ્બર ગુરુવાર દિને સવારે ૯ કલાકે હોરાઈઝન હૉલ, ડોંબિવલી ઈસ્ટ ખાતે શ્રી અચલગચ્છ જૈન સઘ ડોંબિવલીના આયોજન સૂરિગુણસિંધુ ગુરૂ પટ્ટધર સાહિત્ય દિવાકર, અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો ૬૮મો જન્મોત્સવ દિવસ ખુબ ઉત્સાહ ઉમંગથી ઉજવાયો. સમગ્ર આયોજનમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ ગુરૂ ભક્તોની ઉજવણીનો ભાવ અનેરો રહ્યો હતો.



આ આયોજન કોરોના કાળને કારણે સરકારી ધારાધોરણ અમલમાં લેતા ફક્ત આમંત્રિતો માટે જ મર્યાદિત રખાયો હતો. નકરો રૂા.૫૧૦૦ લખાવનાર લાભાર્થીને કાર્યક્રમના બે પાસ અને ગુરૂપૂજન કરવાનો લાભ મળ્યો હતો. રંગારંગ કાર્યક્રમનું સમગ્ર સંચાલન નવકાર મંત્ર આરાધક નરેન્દ્રભાઈ નંદુ અને મેઘનંદુએ ઉત્તમ રીતે કર્યું હતું.

પૂજ્યશ્રીનો કાર્યક્રમ સ્થળે ભવ્ય રીતે પ્રવેશ ઢોલ નગારાના નાદે થયો હતો. ઠસોઠસ ભર્યા હૉલમાં ગુરૂ ભક્તો જમા થયાં હતાં. સૌનું સ્વાગત અનેરા વેલકમ ડાન્સથી કરાયું હતું. ત્યારબાદ રાઈઝીંગ સ્ટાર પાઠશાળાના બાળકો દ્વારા પ.પૂ.અચલગચ્છ નાયકશ્રીના જીવન ચરિત્ર વિશેની ગર્ભિત નાટિકા એક જન્મયો તેજ સિતારો નામે પ્રસ્તુત કરાઈ હતી. નાના બાળક બાળિકાઓનો અભિનય અને સંવાદ ઉચ્ચારણોની સ્પષ્ટ અભિવ્યક્તિએ સૌનું મન મોહી લીધું હતું.

પૂજ્યશ્રીના ગુરૂપૂજન કામળીની ઉછામણીઓ થઈ હતી અને ૬૮ સુવર્ણ ગીનીઓથી અદ્ભૂત રીતે ગુરૂપૂજન કરાયું

# અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો ૬૮મો જન્મ મહોત્સવ ડોંબિવલી સંઘમાં ભક્તિભાવપૂર્વક ઉજવાયો





હતું. ૧૫ ભાષાઓમાં જન્મોત્સવ વધામણાના શુભેચ્છા સંદેશાઓ મળ્યા હતા. પ.પૂ.આચલગચ્છનાયકશ્રીએ સૌને મનનીય અને માર્ગદર્શક રૂપ પ્રેરક પ્રવચન આપ્યું હતું.



ડોંબિવલી પરિસરમાં આવેલા ગુણ વિહાર ધામ નિર્માણાર્થે કૂપન યોજનામાં દાતાઓ દ્વારા સુંદર પ્રોત્સાહન સહકાર મળેલ અને સર્વે દાતાઓનું માનસહ બહુમાન કરાયું હતું.

કાર્યક્રમમાં સમાજ અગ્રણી શ્રેષ્ઠીઓ સાથે કલ્યાણ લોકસભા ક્ષેત્રના સંસદસભ્ય ડૉ.શ્રીકાંત એકનાથ શિંદે, નગરસેવક રાજેશ ગોવર્ધન મોરે, બોરીવલી મુંબઈ વિસ્તારના નગરસેવક હરીશ છેડા, માટુંગા પૂર્વના નગરસેવિકા નેહલ અમર શાહ ખોના આદિ પ્રોત્સાહક ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ સમારોહમાં ગોરેગામ અંજન શલાકા પ્રતિષ્ઠા, રાવલપાડા, ડોંબિવલી ફામ સોસાયટીમાં પ્રતિષ્ઠા, સાંતાક્રુઝ, વિરારમાં પરમાત્મા પાર્ક ઉત્થાપન અને ચલપ્રતિષ્ઠા વિરારમાં પરમાત્મા પાર્કમં વિહારધામ ઉદ્‌ઘાટન સહ ચારકોપ કાંદિવલીમાં જિનાલય ખાતમુહુર્ત, શિલા સ્થાપના અને દીક્ષા મુહૂર્ત પ્રદાન કરવામાં આવેલ.






# અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો ૬૮મો જન્મ મહોત્સવ ડોંબિવલી સંઘમાં ભક્તિભાવપૂર્વક ઉજવાયો






પ.પૂ.મુનિશ્રી હેમચંદ્રસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. દ્વારા ગુરુ ગુણાનુમોદન કરાયેલ.

શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ જૈન સંઘ પ્રમુખ રતનલાલજી વડેરા તથા અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી સંઘના પ્રમુખ તેમજ મંત્રીશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.




ભવ્ય કાર્યક્રમનું આયોજન યુટયૂબ ઉપર લાઈવ પ્રસારણ કરાયું હતું. જેનો અસંખ્ય ભાવિક ભાઈ-બહેનોએ ઘરબેઠા લાભ લીધો હતો અને ગુરૂદર્શન અને ભક્તિના ભાવથી તરબોળ થયા હતા.

૪.૪૫ કલાકનો આ સંપૂર્ણ કાર્યક્રમ યુટયૂબ લીંક https://youtu.be/xbYkpClvd2w ઉપર માણી શકાશે.

આજ દિવસે બપોરે ૨.૩૦ કલાકે સંગીતના સથવારે શ્રી ગૌતમસ્વામીના અનુષ્ઠાન સુવિધિનાથ જિનાલય કલ્પતરૂ ભવન માનપાડા રોડ ડોંબિવલી ઈસ્ટમાં થયા હતા.



# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિના સંજીવની લાઈફટાઈમ ડાયમંડ પેટ્રોન અનુદાન દાતાની અનુમોદના




સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ જરૂરતમંદ જ્ઞાતિજનોને માટે વિશેષ મદદરૂપ એવી સંજીવની યોજનાની ઉપયોગિતા અને ખાસિયત જાણી સમજી ઉદારદિલ દાતાઓ પોતાનું સ્વૈચ્છિક યોગદાન નોંધાવી રહ્યાં છે.

રૂા.૧ લાખનું અનુદાન આપી સંજીવની લાઈફ ટાઈમ ડાયમંડ પેટ્રોન દાતા તરીકે યોજનામાં સ્વ.શ્રી કુંવરજીભાઈ હરશી લોડાયાના જન્મદિવસની સ્મૃતિમાં, કચ્છ રાપરગઢવારી હાલે ભાંડુપ-મુંબઈ સહભાગી થયા છે. પરોપકારનો અર્થ છે અન્યો પ્રત્યે કરૂણા ભાવ રાખવો. પરવશ અને લાચાર સંજોગોમાં તકલીફમાં આવી જનાર જ્ઞાતિજનોની તકલીફ, કષ્ટ સમજનાર સુવર્ણ પેટ્રોનની અનુમોદના સાથે આભાર.

# વરંડી મોટી સ્થાનકે ભલારા દાદા ભાવિક ગ્રુપ દ્વારા દ્વિદિવસીય ધ્વજા મહોત્સવ







શ્રી ભલારાદાદા ભાવિક ગ્રુપ વરંડી મોટીના સ્થાનકે શ્રી ભલારાદાદા સચ્ચાઈ માતા તથા ક્ષેત્રપાળ દાદાની માગસર સુદ પાંચમના દિને તા.૧૮ ડિસેમ્બર શુક્રવાર તથા તા.૧૯ ડિસેમ્બર શનિવારના ભાવિકજનોની ઉપસ્થિતિમાં અને પ.પૂ.મુનિરાજજી મલસાગરજી મ.સા તથા પ.પૂ.રત્નાકરસાગરજી મ.સા.ના મંગલ આર્શીવાદે ચતુર્વિધ સંઘની ભવ્ય ઉપસ્થિતિમાં તથા ગામવાસીઓની હાજરી તેમજ મનોજભાઈ ઘોળના માર્ગદર્શન સમૂહપાક, બંન્ને દિવસે પહેડી તથા ધ્વજારોહણ મહોત્સવ ઉમળકાભેર આનંદ ઉમંગના માહોલમાં ઉજવાયો.

## ભલારાદાદા ભાવિકગ્રુપ દ્વારા ભાંડુપ મધે ભલારાદાદાની સમૂહ પહેડીનું આયોજન

ભલારાદાદા ભાવિક ગ્રુપ દ્વારા તા.૨૧ ફેબ્રુઆરી રવિવાર સવારે ૯ કલાકે ભલારાદાદાની સમૂહ પહેડીનું આયોજન રાખવામાં આવેલ છે. વરંડી મોટી સ્થાનકે નમતા સર્વે ભાવિકોને સ્નેહભર્યું આમંત્રણ આયોજકો દ્વારા અપાયું છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

નારી શક્તિ

KDO Swaroj
The taste of tradition

# કેડીઓ નારીનું આત્મનિર્ભરતા તરફ એક પગલું

## 'સ્ત્રી શક્તિને સ્વસામર્થ્ય માટે ઉદાર દિલે ટેકો '



આપણી જ્ઞાતિની સ્ત્રી શક્તિને આત્મનિર્ભર બનાવવી એ સમાજની જવાબદારી છે. સમસ્ત મહાજન કેડીઓ સ્વરોજ કમિટી અને કેડીઓ નારી શક્તિએ જ્ઞાતિની ગૃહિણીઓ સ્વતંત્ર, સ્વનિર્ભર રીતે જીવન વ્યતિત કરે એવા ઉમદા ખ્યાલને હકિકતમાં પરિવર્તન કરવા સ્વમાન યોજનામાં આર્થિક સહાય આપનારને ડોનર કોટી કોટી વંદન.



## માતુશ્રી માનબાઈ માલશી મોતા
## પુણ્યતિથિ નિમિત્તે
## સ્વરોજ નિધિમાં

## Rs.15,000

# રાયચંદ માલશી મોતા
(કુઆપધર, સેલમ)

# વર્ષ એપ્રિલ ૨૦૨૧ થી વર્ષ માર્ચ ૨૦૨૪
# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીની નવી ટીમ બીનહરીફ

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ, ડોંબિવલી અત્રે વસતા જ્ઞાતિજનોને માટે ઉપયોગી સેવાકાર્યો જેવા કે શૈક્ષણિક, સામાજિક મેડિકલ ઈત્યાદિ ઘણાં વર્ષોથી કરે છે.

આ મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની વર્ષ એપ્રિલ ૨૦૨૧થી માર્ચ ૨૦૨૪ સુધીની ત્રણ વરસની નવી ટર્મ માટે નીચે મુજબના સતર સભ્યો બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે.

૧) અનુજ ગિરીશ મેઘજી લોડાયા, રવા ૨) ભાવેશ રતિલાલ ભવાનજી મોતા, કુવાપધ્ધર ૩) ધવલ ઉમરશી ખોના, સાંધવ ૪) ગિરિશ ભવાનજી નેણશી ખોના (મેઘાણી) રંગપુર ૫) જયેશ જીવરાજ ભાણજી લોડાયા, ભરૂડિયા ૬) જયેશ કુંવરજી મણશી લાલકા, વારાપધ્ધર ૭) મહેન્દ્ર મેઘજી પદમશી મોતા, વારાપધ્ધર ૮) મુકેશ હિરાચંદ નરશી શિયાલ, જખૌ ૯) મુકેશ ખીમજી વેલજી વિકમશી, સુથરી ૧૦) પ્રિન્સ વિનિત ધનજી ધરમશી, કોઠારા ૧૧) વિજય વિશનજી ઉમરશી સોની, વાંકુ ૧૨) વિનય હિરાચંદ મેઘજી લોડાયા, વારાપધર ૧૩) વિપુલ લખમશી પુનશી મોમાયા, સાંયરા ૧૪) શ્રીમતી અર્ચના અમિત જેઠાલાલ ખોના, નલિયા ૧૫) શ્રીમતી ભાવના ભરત શાંતિલાલ મોમાયા, નલિયા ૧૬) શ્રીમતી જિજ્ઞા વિજય સોમચંદ છેડા, સુજાપુર ૧૭) શ્રીમતી મનિષા હરેશ ખીમજી મોમાયા, સાંયરા.

# માંડવી અચલગચ્છ જૈન સંઘમાં ઓળીની પૂર્ણાહૂતિના પારણા થયા





કચ્છ પ્રાંતના રમણીય બંદરીય નગર માંડવીના અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે શ્રી સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી ભદ્રગુણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી દર્શનગુણાશ્રીજી મ.સા.ના ૮૧મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે સાધ્વીજી ભગવંતોની પાવન સભર નિશ્રામાં શ્રી ધર્મો તેજક શ્રાવિકા મંડળ માંડવીની સુશ્રાવિકા બહેનોએ અનુમોદના અર્થે શ્રી પંચકલ્યાણક પૂજા ભણાવી ધર્મ આરાધનાનો અદ્દભૂત માહોલ સર્જયો હતો.






|| શ્રી આદિનાથાય નમઃ ||
|| શ્રી શત્રુંજય મહાતીર્થાય નમઃ ||
શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદયસાગરસૂરિભ્યો નમઃ
|| શ્રી ગુણસાગરસૂરિભ્યો નમઃ ||
શ્રી ગુણ-ગુણોદય સિધ્ધાચલ
કન્યા ૯૯ યાત્રા
શુભ સ્થળ : શ્રી સિધ્ધાચલમ્ જયાબેન વશનજી મારૂ ગુણોદય ફાઉન્ડેશન, ગુણોદયપુરમ, પાલીતાણા.
આનંદો... આનંદો... આનંદો...
ગિરિરાજની કન્યા ૯૯ યાત્રામાં
વય ૧૫ થી ૨૦ વર્ષની
ઉત્સાહી કન્યાઓને જોડાવા
દિવ્યકૃપા રાષ્ટ્રસંત, ભારતદિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ
દિવ્ય કૃપા-શુભ પ્રેરણા-આજ્ઞા-આશિષ તપચક્રચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
શુભાશિષ અચલગચ્છનાયક, સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., સરળસ્વભાવી પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., આગમાભ્યાસી પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ પૂજ્યશ્રીઓ
દિવ્ય આશિષ: જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., સ્વાધ્યાયપ્રેમી પ.પૂ. સા. શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા., પ.પૂ. સા. શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ. સા. શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.
નિશ્રા દાતા: પૂ. સા. શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સા. શ્રી ચારૂલતાશ્રીજી મ.સા. ના શિષ્યાઓ આદિ ઠાણા
હાર્દિક નિમંત્રણ
ગિરિરાજ તુજને સ્પર્શવા, નરનારીઓ સહુ આવતાં, ગિરિરાજ તુજને ભેટીને, સહુ ભક્તોનાં દિલ ડોલતાં,
સિધ્ધાચલ મહાતીર્થ ! તું સન્માર્ગ મુજને બતાવજે, ગિરિરાજ વંદી વિનવું, મુજ પાપને તું નિવારજે.
એકેકું ડગલું ભરે, શેત્રુંજય સમો જેહ... ઋષભ કહે ભવ કોડના કર્મ ખપાવે તેહ...
સફળ કરી સંપતિ, લાભ લીધા સવાયા, ધન્ય સંઘપતિ પરિવાર પુણ્યશાળી આ ન્યારા...
ઉનાળુ કન્યા ૯૯ યાત્રામાં પોતાની સંપતિને સુકૃતમાં વાવનાર જોડાયેલ શ્રી સંઘપતિ પરિવારોની અંતરથી અનુમોદના. હજી પણ જે પરિવારોને લાભ લેવાની ભાવના હોય તેઓએ જરૂરથી સંપર્ક કરવું.
મહાન પુણ્યોદયે આ અમુલ્ય તક મળેલ છે... આપ સૌ હમણાંથી જ ૯૯ યાત્રામાં જોડાવવાનો શુભ સંકલ્પ કરી લેજો...
કન્યા ૯૯ યાત્રા સર્વે ફોર્મ
ફોર્મ નંબર :
નોંધ :
૧૫ થી ૨૦ વર્ષની ઉત્સાહી કન્યાઓ માટે
વિ. સં. ૨૦૭૭ • ઈ.સ. ૨૦૨૧
ફોટો
એપ્રિલ-મે મહિનામાં પર થી ૫૫ દિવસ સુધીની ૯૯ યાત્રાનું આયોજન થશે. તારીખ પાછળથી જાહેર કરવામાં આવશે.
નામ : વય : ગામ :
સરનામું :
જન્મ તા. :
મોબાઈલ નં. : વોટસએપ નં. : ઘરના નં. :
E-mail : વ્યવહારિક અભ્યાસ :
ધાર્મિક અભ્યાસ : પાઠશાળામાં ભણો છો / ભણ્યા છો ? હા ના
શોખ : સંગીત ડ્રોઈંગ રમત-ગમત અન્ય :
પહેલા કોઈપણ ૯૯ યાત્રા કરેલ છે ? હા ના કેટલા વખત કયા તીર્થની
આપના સૂચનો :
આ ફોર્મ ભરીને વિદ્યાપીઠના કાર્યાલયે જાતે આવીને અથવા કુરિયર દ્વારા મોકલવું.
ઠેકાણું : શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ, ૨૧, કેશવજી નાયક રોડ, દામજી મેઘજીનો માળો, ૧લે માળે, મુંબઈ-૯. ફોન : ૨૩૭૭૮૭૩૯ (સમય : બપોરે ૧ થી ૪ ક. રવિવાર સિવાય)
નોંધ : ભરાવેલ સર્વે ફોર્મમાંથી પસંદગી પામેલ કન્યાઓને ફાઈનલ ફોર્મ ભરવાનું રહેશે. ત્યારે પ્રવેશ ફી રૂા. ૧,૦૦૦/- નોનરિફંડેબલ ભરવાના રહેશે.
પસંદગી પામેલ કન્યાઓને વોટ્સએપ મેસેજ દ્વારા ફોર્મ ભરવાનું જણાવવામાં આવશે. કમિટી દ્વારા નિયમો-સૂચનાઓ વિગેરે ફાઈનલ ફોર્મમાં હશે તેનું અવશ્ય પાલન કરવાનું રહેશે.
છ'રિ નિયમોનું પાલન કરવાનું રહેશે. દરરોજ એકાસણું કરવાનું ફરજીયાત રહેશે.
જિનાજ્ઞા મુજબ યાત્રાના છ'રી નિયમો : (૧) એકાસણું (૨) સચિતનો ત્યાગ (૩) પદયાત્રા (૪) બ્રહ્મચર્યનું પાલન (૫) પ્રતિક્રમણ (૬) ભૂમિ સંથારો
અમને ૯૯ યાત્રાના નિયમો માન્ય રહેશે, તેનું પાલન કરશું. અમારું ફોર્મ પાસ કરવા નમ્ર વિનંતી છે.
તારીખ : વાલીની સહી : યાત્રિકની સહી :
વિશેષ માહિતિ માટે સંપર્ક : શ્રી રામજી શામજી ધરોડ (રામાણીયા) : 93231 91050 | 88502 91962
UPASANA-9820167767

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની દિવ્યાંગ પાલક યોજનાના આધારસ્તંભ બનનાર દાતાની અનુમોદના

કડીયો દિવ્યાંગ પાલક

KDO દિવ્યાંગ

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**

**"આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"**

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.



## સ્વ.શ્રી કુંવરજીભાઇ હરશી લોડાયાના જન્મ દિવસની સ્મૃતિમાં

કચ્છ-રાપરગઢવાળી, હાલ ભાંડુપ-મુંબઇ

## દિવ્યાંગ પાલક

## Rs. 50,000

એક દિવ્યાંગ એક વર્ષ માટે દત્તક

**હાર્દિક અભિનંદન, ભૂરી ભૂરી અનુમોદના**

અન્ય પ્રત્યે ઉદારતાએ માનવ સમાજ માટે ઉત્તમ સભ્યતાની નિશાની છે. આપણાથી નાના, અધૂરા, અસહાય જીવો પ્રત્યે અનુકંપા દાખવનાર સર્વશ્રેષ્ઠ ઈન્સાન છે. જેઓ આપણાથી નીચે રહે છે, વસે છે તેમનો ઉદારતાપૂર્વક ખ્યાલ કરવો, તેમને યાદ રાખવું એ આદર્શ માનવતા ભરી પવિત્ર ફરજ છે.

સ્વ.શ્રી કુંવરજીભાઈ હરશી લોડાયાના જન્મદિવસની સ્મૃતિમાં, કચ્છ-રાપર ગઢવારી, હાલ ભાંડુપ-મુંબઈ એ જ્ઞાતિના દિવ્યાંગજનોના ઉત્કર્ષ માટે કલ્યાણકારી કાર્ય કરતી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની દિવ્યાંગ પાલક યોજનામાં રૂ.૫૦ હજાર નોંધાવી ઉત્તમ સહકાર આપ્યો છે. તેમની ભાવનાની કદર કરી અઢળક અનુમોદના કરીએ છીએ.

# મુકેશભાઈની એજ્યુકેશન સીસ્ટમ પ્રત્યેની સૂચનાઓની પહેલને ઐતિહાસીક ન્યાય



મુકેશ માણેકજી લોડાયાના પ્રયત્નોથી નેશનલ એજ્યુકેશન પોલિસીમાં ભાર વિનાનું ભણતરનો મુદ્દો અમલમાં લેવાશે

વર્ષ ૨003ની સાલમાં વિદ્યાર્થીઓના શારિરીક, માનસિક અને આરોગ્યના હેતુસર મુકેશ માણેકજી લોડાયા, માંડવી-કોચીન (મુકેશ જૈન)એ તેના ઉકેલ માટે ચળવળનો આરંભ કરી પિટિશન, સૂચન, રિસર્ચ પેપર-કેસ કેરાલા રાજ્ય હ્યુમન રાઈટસ કમિશન KHRCમાં દાખલ કરેલ હતો. તેનો ચુકાદો HRMP નં.૨૩૧૧ વર્ષ ૨૦૦૫-૨૦૦૬ KHRC ચેરપર્સન વી.પી.મોહનકુમારએ સો ટકા વિદ્યાર્થીઓની તરફેણમાં વર્ષ ૨૦૦૫માં આપ્યો.

ત્યાર પછી દિલ્હીની સુપ્રીમ કોર્ટ, NHRC દિલ્હી નેશનલ કરી કુલમ એજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનીંગ NCERT દિલ્હી, હ્યુમન રિસોર્સ ડેવલોપમેન્ટ મિનીસ્ટ્રી HRD તથા પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ PMOમાં કેરાલાના ૬૦ લાખ વિદ્યાર્થીઓ માટે કેસ જીતીને સફળતા મેળવ્યા બાદ આ વસ્તુ સમગ્ર દેશના ૧૮ કરોડ વિદ્યાર્થીઓના લાભ થાય એ માટે સૂચન અને ઉકેલ સાથેના રિસર્ચ પેપર દાખલ કરી ચળવળ આરંભ કરેલ જેનો સફળ પડઘો આ વખતની બહાર પડેલ નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦માં અન્ય મુદ્દાઓની સાથે ૧) વિદ્યાર્થીઓને પોતાના શરીરના વજનના ૧૦ ટકાથી વધારે વજન ન લેવાનું અને ૨) વિદ્યાથીઓને પીવા યોગ્ય પીવાનું પાણી વિદ્યાલયમાં આપવાનું.

આ બે મુદ્દા અન્ય મુદ્દાઓની સાથે આવનારા શૈક્ષણિક નવા વર્ષથી ખૂલતી સ્કૂલોમાં એનફોર્સ સખત રીતે પાસ કરવાનું માર્ગદર્શન રૂપ ગાઈડ લાઈન્સ અપાઈ છે. આની લેખિત જાણ કરેલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ તરફથી મુકેશભાઈ જૈન-લોડાયાને ઓફિશ્યલી કરવામાં આવી છે.

દેશમાં ૩૪ વર્ષ જૂની એજ્યુકેશન પોલિસીમાં બદલાવ કરવામાં આવ્યું છે. જે માટેની લડત છેલ્લા ૧૮ વર્ષથી સતત ચાલુ હતી. એની સફળતા અનેક તબક્કે મળી રહી હતી.

નવી એજ્યુકેશન પોલિસીના મુખ્ય મુદ્દા

(૧) વિદ્યાર્થીના સ્કૂલ બેગનું વજન એના પોતાના શરીરના ભાર ના ૧૦ ટકાથી વધારે ના હોવું જોઈએ. શરીરનો વિકાસ થતો હોય ત્યારે, ખભા ઉપર શરીરના ૧૦ ટકાથી વધારે વજન સતત દસ વર્ષ (1 to 10 ક્લાસ) સરેરાશ ઉચકીને ચાલવાથી, દાદરાની ઉતર-ચડ કરવાથી ખભા નો ભાગ ૧૫% આગળ વળીને પર્મનેન્ટ થઈ જતા વિદ્યાર્થીઓ નેવી, આર્મી, સ્પોર્ટ્સ અને ઉચ્ચ હોદ્દાઓ માં ભવિષ્યમાં શારીરિક ફિટનેસ ન હોવાના કારણે બકાત થવાની શક્યતા છે.

(૨) ટેક્સ બુકો ૨ અથવા ૩ ભાગમાં છપાવી જોવે. Carry, only, what is required.

(૩) વિદ્યાર્થીઓ માટે ૨૦૦ પેજના બદલે ૮૦ થી ૧૦૦ page notebook.

(૪)લાઈટ વેઈટ સ્કુલ બેગ.

(૫) કોઈપણ ટેસ્ટ બુક ૧૦૦ પેજ થી વધારે ન હોવી જોઈએ.

(૬) Avoid carring school diary.( The instruction of the diary is to be followed and not to be carried. The last page of a notebook can be used as a parent teacher's conversation.)

(૭) No binding of text book.

(૮) ટાઈમ ટેબલનું strictly અનુસરણ થવું જોઈએ

# મુકેશભાઈની એજ્યુકેશન સીસ્ટમ પ્રત્યેની સૂચનાઓની પહેલને ઐતિહાસીક ન્યાય

(૯) વિદ્યાર્થીઓ માટે પીવાનું પાણી સોલાર હીટર (નો ઇલેક્ટ્રિસિટી, નો મેઇન્ટેન્સ cost વન ટાઇમ ઈન્વેસ્ટમેન્ટ)થી ગરમ (જે જરૂરિયાત ૭૦ ડિગ્રીથી વધારે પાણી ગરમ કરે છે) કરેલું હોવું જોઈએ.અને તેની વિતરણ વ્યવસ્થા પ્રત્યેક માળ ઉપર પ્રત્યેક કોર્નરમાં હોવી જોઈએ. ૫૦૦ વિદ્યાર્થીઓ માટે અંદાજ એક ઇન્સ્ટ્રુમેન્ટ નો ૨૦,૦૦૦ રૂપિયા ખર્ચો થાય.

આ દરમિયાન અમુક સ્કૂલોમાં મુકેશભાઈ એ સોલાર હીટર ઇન્સ્ટ્રુમેન્ટ સ્પોન્સર પદ્ધતિનો અમલ કરાવ્યો છે.

વિશ્વ સ્તરે વધતી જતી ગરમી-ગ્લોબલ વોર્મિંગમાં વિદ્યાર્થીઓને કમ્ફર્ટ થાય. દેશના વણકરને કામ મળે, ખેડૂતોને કપાસ ઉપજના સારા ભાવ મળે અને આપણા દેશની ઉપજના આપણે ઉપભોક્તા બનીએ એ સમગ્ર ચીજોને ધ્યાનમાં રાખીને સો ટકા કોટન, ખાદી, હેન્ડલુમ બાયો ડિગ્રેડેબલ, એફોર્ડેબલ, ડબલ થ્રેડ વિવિંગ ટોપ કે શર્ટ યુનિફોર્મ માટેના વર્ષ ૨૦૦૫માં કેરાલા હ્યુમન રાઈટ કમિશનમાં સોલ્યુશન સાથે પિટિશન દાખલ કરેલ હતી. સાધારણ પણે યુનિફોર્મના કાપડમાં પોલિસ્ટર ૮૫ ટકા તથા કોટન ૧૫ ટકા કે પોલિસ્ટર ૬૫ ટકાને કોટન ૩૫ ટકાના કોમ્બીનિકેશનમાં હોય છે અને પોલિસ્ટર કાપડ અપેક્ષાએ નોન બાયોડિગ્રેડે બળ હોય છે. જે પરસેવો ચૂસતો નથી.

આ કેસનો ચૂકાદો HRMP નં. ૧૨૬/૨૦૦૭ જસ્ટિસ એન દિનકરએ વિદ્યાર્થીઓની તરફેણમાં આપેલ શરૂઆતમાં મુકેશ માણેકજી લોડાયાએ તબક્કાવાર ૧૦ સ્કૂલોમાં સમગ્ર વિદ્યાર્થીઓને બે જોડી ખાદીના યુનિફોર્મ સ્પોન્સર કરીને વ્યવહારિક રીતે અમલ કરાવીને આ પ્રણાલિકાને વિજયી બનાવી. આ યુનિફોર્મને લગતો કેસ જીત્યા બાદ કેરલ સરકારએ ગર્વમેન્ટ સ્કૂલમાં આ પધ્ધતિનો અમલ કર્યો અને ગયા વર્ષે પણ કરેલ ગર્વમેન્ટએ ૩૭૦૧ સ્કૂલના ૧ થી ૭ ધોરણ સુધીના સાડા લાખ વિદ્યાર્થીઓને ૨૩ લાખ મીટર યુનિફોર્મનું કાપડ મફતમાં વિતરણ કર્યું. આને કારણે સ્થાનિક વણકરોની રોજની ઈન્કમ દોઢસોથી વધીને રૂા.૪૫૦થી રૂા.૬૦૦ જેટલી સુધી થઈ. સેન્ટ્રલ ગર્વમેન્ટના યુનિયન ટેક્સટાઈલ મિનિસ્ટ્રીએ અન્ય રાજ્યોને પણ આ સ્કીમ લાગુ કરવાના નિર્દેશ આપેલ છે.

આ ઉપરાંત સ્કૂલની છત હાનિકારક એવા એસ્બેટોસની ન હોવી જોઈએ. આનો કેસ પણ દાખલ કરીને જીતવામાં આવ્યો છે. આગળ આનો અમલ સમગ્ર ભારતમાં લાગુ થાય એની ચળવળ ચાલુ છે.

સાથોસાથ યુનિફોર્મ ડ્રેસ કોડમાંથી નેક ટાઈ હટાવવાની, શીતપ્રદેશમાં જૂતાની જરૂરિયાત હોવાને કારણે ત્યાં એન્કલ, નોન ઈલાસ્ટિક, કોટનના મોજા પહેરવા અને વરસાદ તથા સામાન્ય ટેમ્પરેચરમાં સાદા પગરખા પહેરવાની છૂટ હોવી જોઈએ. કારણ કે સાધારણ રીતે મોજાં આઠ કલાક દસ વરસ સુધી પહેરતાં તેના નિશાન પગમાં ઉઠી આવવાથી રકમ પરિભ્રમણમાં અવરોધ આવે છે. આ વસ્તુને અટકાવવાની ચળવળ ચાલુ છે. જે સમગ્ર ભારતભરમાં લાગુ કરાય એ માટેની છે.

કેટલી સજાગ સ્કૂલો આ કેસ કોર્ટમાં ચાલુ હતાં એ વર્ષો દરમ્યાન જ ચુકાદો આવતાં પૂર્વે જ ન્યુઝ પેપરમાં અપાયેલ સમાચારમાંથી જાગૃત થઈ અને વિદ્યાર્થીઓને આવશ્યકતા ધરાવતો મુદ્દો હોવાથી આ પધ્ધતિને સ્વૈચ્છાએ અપનાવી હતી તેવી સ્કૂલોને 'સ્ટુડન્ટ ફ્રેન્ડલી સ્કૂલ'નો એવોર્ડ મુકેશ જૈન ફાઉન્ડેશન તરફથી સ્કૂલોને અપાયો છે આમ તેનું ગૌરવ કરી તેમને બિરદાવ્યા છે.

મુકેશ માણેકજી લોડાયા ઉર્ફે મુકેશ જૈનની આ વિદ્યાર્થીઓને ઉપયોગ એવી ચળવળની અખડ યાત્રામાં એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, લો ડિવિઝન અને પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનિક મિડિયાનો ઉતમ અને અવિરત સાથ મળ્યો છે.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ૫૧ પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ક્રિસમસ કાર્નિવલ ૨૦૨૦ પેઈન્ટીંગ સ્પર્ધામાં પ્રથમ વિજેતા બની ચાંદની યશ લોડાયા




ક્રિસમસ કાર્નિવલ ૨૦૨૦ ની પેઈન્ટિંગ સ્પર્ધા તાજેતરમાં ઈન્દૌર ખાતે યોજાઈ હતી. જેમાં મૂળ નલીયા, વાશી નવી મુંબઈની ચાંદની યશ લોડાયા (જલ્પા ઉત્તીન લોડાયાના પુત્રવધુ)એ પ્રથમ સ્થાન મેળવી વિજેતા બની હતી. આ સ્પર્ધા માટેનો વિષય હતો 'My Quarantine World' એટલે કે સંસર્ગ નિષેધ મારો વિશ્વ તેણીએ આ પોટ્રેટ કોઈ સંદર્ભ ચિત્રના આધાર લીધા વગર અને પેન્શીલ તથા ઈરેઝરના ઉપયોગ કર્યા વિના ૩ કલાક ૩૨ મિનિટમાં આકર્ષક અને અદ્‌ભૂત તૈયાર કર્યો હતો. સ્પર્ધકોને ૪ કલાકમાં પ્રિન્ટીંગ પુરૂ કરવાનો હતું. આ સ્પર્ધાના નિયમ પ્રમાણે સ્પર્ધકને સમય જોવા ઘડિયાલનો ઉપયોગ કરવાની મનાઈ હતી. જેથી સમયનો અંદાજ પોતાના અનુમાનને આધારે સ્પર્ધકોએ રાખવો પડ્યો હતો. એક નિષ્ઠ કલા સાધના અને રંગ સુમેળના સંયોજનથી આ બહુરંગી પોટ્રેટ જોનાર સૌનું મન મોહી લીધું હતું.





શ્રીમતી ચાંદની યશ લોડાયાએ ક્રિસમસ કાર્નિવલ સ્પર્ધા જે APSC Ind. દ્વારા ઈન્દૌરમાં યોજાઈ હતી. તેના ૨૧ થી ૪૦ વર્ષની વય ગટ કેટેગરીમાં હિસ્સો લીધો હતો. MBA ફાઈનાન્સની પરીક્ષામાં તે રાષ્ટ્ર સ્તરે પ્રથમ આવી હતી અને ઈન્સિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયાના મેમ્બર તરીકે પ્રવેશ મેળવ્યો હતો. ચાંદનીને આંતરરાષ્ટ્રીય સ્તરે ઝુમ્બા પ્રશિક્ષકનું લાયસંન્સ 'બેટો' પેરેઝ દ્વારા સુચેતા પાલ દ્વારા પ્રદાન કરાયું. સુચેતા પાલ ઝુમ્બા ફિટનેસ એલ એલ સી માટે ભારતના વૈશ્વિક રાજદી છે અને તેમને વર્ષ ૨૦૧૮માં women wellness first lady નું સન્માન ભારતના રાષ્ટ્રપતિ દ્વારા મેળવ્યું છે. વર્ષ ૨૦૧૬માં શ્રેષ્ઠ મેમોરિયલ એડવોકેટ સ્પર્ધામાં પ્રથં સ્થાન મેળવ્યું હતું. અભિવ્યક્તિ ઉત્સવમાં બેસ્ટ સ્ત્રી નૃત્યાંગના તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેને આરસીએમ કોલેજમાં સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થીઓનો એવોર્ડ પણ મેળવ્યો છે તથા employee of the month નો ખિતાબ મેળવ્યો છે.

આ સિધ્ધિ સન્માન પ્રાપ્ત કરવા બદલ ઉભરતી કલા પ્રતિમાને અભિનંદન સાથે ભવિષ્યમાં ઉચ્ચતમ શિખરો સર કરે એ શુભેચ્છા.

# ભાવભીની સ્મરણાંજલિ

**તમે યાદ આવશો વારંવાર...**
**ને આંખો વહેશે અશ્રુધાર...**



જન્મ :
તા. ૦૫-૮-૧૯૩૮

સ્વર્ગવાસ :
તા.૦૨-૧-૨૦૨૧

## સ્વ. નવીનચંદ્ર આણંદજી શિવજી લોડાયા

(ગામ : બાઢીયા, હાલ : નાસિક)

વડીલ જેવું માર્ગદર્શન અને પરિવાર જેવી હૂંફ
સદાય નિસ્વાર્થ ભેટ આપી એવા વડીલને
સ્મૃતિવંદના કરી આદરપૂર્વક ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

-: શ્રદ્ધાસુમન :-

## શ્રી ભલારાદાદા ટ્રસ્ટ, લાલપુર
## ટ્રસ્ટીગણ

# પારસનાથ દાદા જન્મકલ્યાણક નિમિતે કુ.આરના કુનાલ છેડાએ ઉજ્જૈન શ્રી અવંતી પારસનાથજી તીર્થના મહિમાનો વિડીયો



શાઈનીંગ સ્ટાર પાઠશાળામાં નાના બાળકોને જૈન ધર્મનું પાયાનું જ્ઞાન અપાય છે. બાળપણથી જૈન સમાજના બાળકો ધર્મ અનુરાગી બને, જૈન ધર્મ ઈતિહાસથી અવગત થાય, ધર્મ સંસ્કાર ગ્રહણ કરે અને મુનિવર્યોના ઉપદેશ ગ્રહણ કરી સુશ્રાવક બને સંસ્કારી બને એવું શિક્ષણ, સમજ અને જ્ઞાન અપાય છે.

આ પાઠશાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ સમયાંતરે યોજી બાળકોમાં જ્ઞાન કૌશાલ ખીલે એવા પ્રયાસો સમયાંતરે કરતા રહે છે. થાણાની આર્યગુણ જ્ઞાન મંદિરમ શાઈનીંગ સ્ટાર પાઠશાળામાં આગામી પોષ દશમીના શ્રી પારસનાથ દાદા જન્મકલ્યાણક નિમિતે ૧૦૮માંના એક પારસનાથજી ઉપર ત્રણ મિનિટનો વિડીયો બનાવવાની સ્પર્ધા રાખવામાં આવી છે. જેમાં દરેક બાળક પોતપોતાની રીતે વિડીયો બનાવી પોતાનું ધર્મજ્ઞાન દર્શાવશે.

સુથરી મુલુંડના ૮ વર્ષીય કુ.આરના કુનાર બિપીન છેડાએ ઉજ્જૈન ક્ષિપા નદી તટે આવેલા ઐતિહાસિક જ્યોર્તિલીંગ મહાકાલેશ્વરના ધામ સ્થિત ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ શ્રી અવંતી પાર્શ્વનાથ તીર્થનો મહિમા અનેરો છે. એનો મહિમાવંત ઈતિહાસ બખૂબીથી અને સ્પષ્ટ ભાષા વિચારથી આ વિડીયોમાં સંકલીત કર્યો છે.

વિડીયો જોવા માટે આ લીંક ઉપર ક્લીક કરો https://www.youtube.com/watch?v=3Mu5RJ1zncA

# પાલિતાણા મધે અષ્ટ દિવસીય શ્રીજીવન વિદ્યા પરિચય શિબિર યોજાઈ





ગુણોદય પુરમ પાલિતાણા ખાતે આઠ દિવસીય શ્રીજીવન વિદ્યા પરિચય શિબિર યોજાઈ જેમાં ૩૦૦ જેટલા શિબિરાર્થીઓ ધર્મભાવપૂર્વક જોડાયા હતા. સોમ ત્યાગી શિબિરાર્થીઓને સંબોધન કર્યું હતું. વર્તમાન શિક્ષણ બાળકોને માટે બોજા રૂપ લાગે છે. ત્યારે જીવન વિદ્યા પરિચય દ્વારા શિબિરાર્થીઓ માનવજીવન કેમ ભય મુક્ત અને પરિવાર કેમ અભાવ મુક્ત થાય તેની સુંદર વાતો રજૂકરવામાં આવી હતી. જિંદગીનું મૂળ પ્રશ્ન શું છે એ વિષે સુંદર પ્રકાશ પાડવામાં આવેલ. જિનશાસન શિરોમણિ તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય દેવ શ્રીમદ ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. પ્રેરિત શ્રી સાંદિપની વિદ્યામંદિર પાલિતાણાના આયોજને આ શિબિર ગોઠવવામાં આવી હતી. સરળ સ્વભાવી પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના પાવનકારી નિશ્રામાં શિબિરનું દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

## પ.પૂ.પૂર્ણભદ્રસાગરજી મ.સા.ની પ્રેરણાથી શ્રી નવકાર મહામંત્ર આલેખન અભિયાન

પ.પૂ. શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.ની પ્રેરણા અને માર્ગદર્શનથી અમિત સુકૃત પરિવાર દ્વારા શ્રી નવકાર મહામંત્ર આલેખન અભિયાન યોજાશે. પૂજ્ય ગુરૂદેવની એવી ભાવના છે કે આ પ્રથમ તબક્કામાં ૧૨૫ આરાધકો આ યોજનામાં જોડાય તો સવા લાખ નવકાર લેખનનું ખૂબ ઉત્તમ કાર્ય થાય. પ્રાથમિક રીતે જાહેરાત કરાતાં જ ઝટભેર નામો આવવા મંડ્યા છે. પણ હજુ ય તમે સહુ આજુબાજુમાં બીજાઓને પ્રેરણા આપી. આ અભિયાનમાં જોડાવવાની અનુમોદનાનો લાભ લો.

નવકાર લેખન માટે નોટબુક તેમજ પેનનું વિતરણ અને પછી અનુમોદના-પ્રભાવના આદિનું પણ આયોજકો વિચારી રહ્યાં છે. તા.૨૮ જાન્યુઆરી ૨૦૨૧ ગુરૂવાર પોષી પૂનમ દિવસથી શુભ પ્રારંભ થશે. જે માટે દરેકએ પોતાના નામ સરનામા પૂરા માસ મોકલવા અમિત સુકૃત પરિવાર દ્વારા વિનંતી કરાઈ છે.

## અચલગચ્છ જૈન સંઘ ભુજના આંગણે પોષી દશમ અઠ્ઠમ તપ આરાધના

તપચક્રવર્તી શાસન શિરોમણિ પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રીમદ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના પરમ સુશિષ્યો પ.પૂ.મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુરિજ શ્રી કંચનસાગરજી મ.સા. આદિઠાણા તથા પ.પૂ.આ.શ્રી કીર્તિલતાશ્રીજી મ.સા., પ.પૂ.આ.શ્રી સૌમ્યલતાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં શ્રી અચલગચ્છ જૈન સંઘ ભુજના આંગણે કાલિકાલ કલ્પતરૂ પ્રગટ પ્રભાવી અચિંત્ય ચિંતામણિ શ્રી પાર્શ્વનાથ પ્રભુજીના જન્મ દીક્ષા કલ્યાણક પ્રસંગની ઉજવણી માગસર સુદ ૯ થી ૧૧ એટલે કે તા.૭ જાન્યુઆરી ગુરૂવારથી તા.૯ જાન્યુઆરી શનિવાર સુધી થશે. પારણા તા.૧૦ જાન્યુઆરી રવિવારના થશે.

નામ નોંધવાનું સ્થળ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય પેઢી તથા સાધ્વીજી મ.સા. ઉપાશ્રય. સંપર્ક : પી.સી.શાહ-૯૪૨૮૦૮૨૩૩૩

## શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મુલુંડ દ્વારા મહાકાલી માતાજીની ભાવના યુટ્યુબ ઉપર ઓનલાઈન લાઈવ કરાઈ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ પ્રસ્તુત દરમાસે થતી જ્ઞાતિની અધિષ્ઠતા દેવી શ્રી મહાકાલી માતાજીની ભાવના આ માસની પ.પૂ.સાધ્વીશ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા.ના ૪૩મા દીક્ષા વર્ષ નિમિત્તે લાભાર્થી માતુશ્રી માનબાઈ દામજી ખીંયશી મૈશેરી પરિવાર, લાલા-મુલુંડ હતા.

તા.૨૭ ડિસેમ્બર રવિવાર રાતે ૯ કલાકે યુટ્યૂબ ઉપર લાઈવ રજૂ થઈ હતી. રચના, ગીત અને સંગીતથી ભાવસભર પ્રસ્તુતિ પ્રીતિ શાહ, વિકાસ આંબોરે (વિકી સર) અને હંસકુમાર મૈશેરીએ કરી હતી. ૧ કલાક ૫૦ મિનિટની આ ભક્તિ ભાવના યુટ્યૂબ લીંક https://youtu.be/ailD37FvImk ઉપર માણી શકાય છે.

# ફુલ ખીલે ગુલશન ગુલશન



લોડાયા પરિવાર
માતા - દિમી
પિતા - ભાવેશ
ગામ - કોઠારા
હાલ - ડોંબિવલી
જન્મ - ૨૭-૧૧-૨૦૨૦



અનેરી

# ટિટવાલામાં બહેનોએ સીમંધર સ્વામીની પૂજા અર્ચના કરી



તા.૨૮ ડિસેમ્બર સોમવારના રોજ પૂ.પ. ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા આદિ ઠાણાની નિશ્રામાં ડોંબિવલી નવનીત નગરની, શ્રાવિકા બહેનોએ ઉમંગ અને ઉત્સાહ સભર રીતે સીમંધર સ્વામીની પૂજા કરી ધર્મ ધ્યાનનો ઉત્તમ માહોલ બનાવ્યો હતો.

# અમૃત જ્યોત પાઠશાળા ભુજ મધ્યે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભાવયાત્રા યોજાઈ

અમૃત જ્યોચ પાઠશાળ ભુજ મધ્યે શંખેશ્વર પાર્શ્વનાથ ભાવયાત્રાનો કાર્યક્રમ પાઠશાળાના બાળકા-બહેનોની હાજરીમાં યોજવામાં આવેલ. વિધીવિધાન કરાવતાં કિશોરભાઈ સાંયા તરફથી શરૂઆત કરતાં આપણે મનુષ્યભવમાં કેવા કેવા દુઃખો સહન કરીએ છીએ અને તેનો નિવારણ કઈ રીતે પ્રભુ પ્રાર્થના કરી તે દુઃખને સહન કરવાની શક્તિ પ્રભુ આપે તેવું વર્ણન સંગત સાથે કરતાં પ્રભુ શંખેશ્વર પાર્શ્વનાથ પાસે રડતાં રડતાં અરજ કરે છે.

ત્યારબાદ પાટણ જીલ્લાનું શંખપુર ગામ જે હાલે શંખેશ્વર તરીકે પ્રખ્યાત છે. તેમાં આવેલ શંખેશ્વર પાર્શ્વનાથનું ૭૨ જિનાલય કઈ રીતે નિર્માણ પામેલ તેની માહિતી સભર વર્ણન કરી ક્યારે ક્યારે જીર્ણોધ્ધાર કરવામાં આવેલ અને છેલ્લે ઠાકુરોની હાથમાં મંદિર જતાં ઠાકુરોએ મંદિરમાં પ્રભુના દર્શન કરવા હોય તો એની ફી ચુકવવી પડતી એક વખત પૂ. ઉદય રતન મહારાજ સાહેબ સંઘ લઈને શંખેશ્વર સંધ્યા કાળે પહોંચ્યા ત્યારે મંદિર સંધ્યા કાળે બંધ કરવામાં આવેલ અને સંઘ થોડો મોટો પહોંચતા પૂ. ઉદયરતન મહારાજ સાહેબે દેરાસર ખોલવા કહેતાં ઠાકોરોએ ના પાડી અને એની ફી ભરો એટલે સવારે દેરાસર ખુલતાં દર્શન કરવા મળશે. પણ મહારાજી સાહેબે ફી ભરવાની ના પાડતાં અને એઓ સંઘ સાથે દેરાસરના દ્વાર પાસે બેસી ભગવાનની સ્તુતિ કરતાં દ્વાર આપોઆપ ખુલી ગયા. ઠાકોરો ચમત્કાર જોઈએ દેરાસર સંઘને પરત કરેલ.

પ્રભુ પાર્શ્વનાથ ભગવાનનો જન્મ કેવા ચમત્કારો જ્યારથી ગર્ભમાં રહ્યા ત્યારથી કરી જન્મ મહોત્સવ ઉજવી એમણે ૩૦ વર્ષ સંસારમાં રહી દિક્ષા લીધી અને નિર્વાણ સમેત શિખરમાં પામ્યા ત્યાં સુધીનું સચોટ ભાવથી દર્શકોને ભાવ વિભોર કરી વર્ણન કરેલ.

પાઠશાળાના સીનીયર બાળકો તરફથી કિશોરભાઈનું શાલ, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ.

ભાવયાત્રામાં આવતાં પ્રસંગોની પ્રશ્નોતરી પાઠશાલાના પંડિત દિપકભાઈ કોઠારી તરફથી કરવામાં આવતાં પ્રશ્નોના સાચા ઉત્તર આપનારને મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવ્યા.

ભાવયાત્રામાં પંડિત સુનીલભાઈ શેઠે વ્યવસ્થામાં સહકાર આપેલ.

પાઠશાળાના બાળકો તરફથી પ્રભાવના આપી સહુ છુટા પડેલ.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● કોરોનાની મહામારીને કારણે બારાતુ શ્રમિકો ન આવવાથી કચ્છની ખેતીની લણણી મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. મગફળી ઉખેડવાનો તથા કપાસ ચૂંટવાનો સમય વીતતો જાય છે અને ખેતીકામના નિષ્ણાત મજૂરો સ્થાનિકમાં મળતા નથી.

● લિયો ક્લબ દ્વારા ''બ્યૂટી ઈન બ્લુમ'' ફ્લોરેલ થીમ ફેશન શોનું ઓનલાઈન આયોજન થયું હતું. આ સ્પર્ધામાં ૧ વર્ષની બાળકીઓથી લઈને ૬૦ વર્ષ સુધીની મહિલાઓ ગુલાબ, મોગરો, ચંપો, જાસૂદ, ગલગોટા જેવા વિવિધ તાજા ફૂલોના સુંદર અને અવનવા દાગીના બનાવી પહેરીને ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં બેસ્ટ ફ્લોરેલ કોસ્ચ્યુમ, બેસ્ટ ફ્લોરેલ જ્વેલરી, બેસ્ટ કેટવોક વિગેરે વયગ્રૂપ કેટેગરીમાં વિજેતાઓ નક્કી કરાયા હતા.

● ગાંધીધામની વિંગ્સ ગ્રૂપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઓનલાઈન રીમઝીમ મ્યુઝિકલ હાઉઝી યોજાઈ જેમાં ગુજરાતના વિવિધ શહેરોમાંથી ૩૦૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો. ફેસબુક લાઈવના માધ્યમથી આ ઓનલાઈન મ્યુઝિકલ હાઉસીનું સંચાલન લય અંતાણી અને તેની ટીમે કર્યું હતું. વિવિધ કેટેગરીના વિજેતા થયેલ સ્પર્ધકોને ઈનામ અપાયા હતા. સમગ્ર આયોજનમાં ગ્રૂપના ફાઉન્ડર છાયાબેન ચૌહાણ સંસ્થા પ્રમુખ અસ્મિતા બલદાણીયા, પ્રોજેક્ટ ચેરપર્સન પ્રિયાબેન બોન્ડે, મંત્રી નમ્રતા ઈસરાની વિગેરે સહકાર આપ્યો હતો.

● બ્રિટનના સૌથી મોટા ભારતીય સામાજિક સંગઠન એવા કચ્છી લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે દ્વારા ચાલુ વર્ષ કોરોનાના પ્રતિબંધને કારણે સામૂહિક એકત્ર થવા પર બંધી છે. જેને કારણે ઈ-મેલાનો નવતર પ્રયોગ કરાયો હતો. જેમાં ૧૨૫૯૧ દર્શકો નોંધાયા હતા. લેવા કોમ્યુનિટી દ્વારા ૧૨૦ કરોડના ખર્ચે ઈન્ડિયા ગાર્ડન બનાવવાનો સંકલ્પ આ પ્રસંગે કરાયો હતો. ઈન્ડિયા ગાર્ડનના મેગા પ્રોજેક્ટના કન્વીનર પૂર્વ અધ્યક્ષ માવજીભાઈ વેકરિયાએ આ મહાસર્જનની વિગતો આપી હતી.

● રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત જયા રિહેબિલિટેશન ઈન્સ્ટિટ્યૂટ અને રિસર્ચ સેન્ટરે છેલ્લાં ૧૯ વર્ષથી દિવ્યાંગજનોની સેવા કરે છે. આ સેન્ટરમાં આજ સુધી ભૂકંપ પીડિતોની સારવાર નિઃશુલ્ક કરાય છે. તાજેતરમાં આતંરરાષ્ટ્રીય ચેરટેબલ પાલ્સી દિવસે આંતરરાષ્ટ્રીય સ્તરે ''ગ્લોબલ લીસનિંગ શેરિંગ વેબિનાર યોજાયો. આ ૨૪ કલાકના કાર્યક્રમમાં ભારતને એક કલાક મળ્યો હતો. જેમાં સાત ભારતીય વક્તાઓએ ભાગ લીધો. એમાંના એક વક્તા બિદડા સર્વોદય ટ્રસ્ટના ડૉ. દેવલ પાઠકની પસંદગી કરવામાં આવી હતી. વેબિનારનો વિષય હતો ''કોવિડ મહામારી દરમ્યાન દિવ્યાંગ બાળકો માટેના પડકારો અને ઉકેલો.''

● કોરોના મહામારીના ચેપથી બચવા માટે નાસ લેવાથી વાયરસ શ્વાસ વાટે અંદર જતાં અટકે છે. એ ધ્યાનમાં રાખી ભુજ કચ્છી પરજિયા પટ્ટણી સોની જ્ઞાતિ દ્વારા ભુજ અને તાલુકામાં વસતા પ્રત્યેક પરિવાર દીઠ એક એક નાસ-બાફ મશીન વિતરીત કરાયું હતું.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રદિપ જે. મોમાયા**
તા.૨૭ ડિસે. (ઉ.૬૦)
વરાડીયા-ઔરંગાબાદ



**સુભાષ કે. લોડાયા**
તા.૨૯ ડિસે. (ઉ.૬૫)
ખાવડી મોટી-ખાવડી મોટી



**ઈંદુબાઈ વી. નાગડા**
તા.૩૧ ડિસે. (ઉ.૮૦)
નલિયા-હુબલી



**મુલજી એમ. લોડાયા**
તા.૩૧ ડિસે. (ઉ.૮૪)
સાંધવ-ચેંબુર



**મંજુલાબેન કે. ધરમશી**
તા.૨૫ ડિસે. (ઉ.૭૬)
ભરૂડીયા-કોચીન



**ઈંદુબાઈ વી. નાગડા**
તા.૩૧ ડિસે. (ઉ.૮૦)
નલિયા-હુબલી



**નવીનભાઈ એ. લોડાયા**
તા.૦૨ જાન્યુ. (ઉ.૮૪)
બાંઢીયા-નાસિક



**રતનબાઈ એચ. પોલડીયા**
તા.૦૨ જાન્યુ. (ઉ.૭૭)
લુણી-ચાલીસગામ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™
the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL